


Babasaheb Dr. B.R. Ambedkar Chair
Saurashtra University
Rajkot (Gujarat)

Babasaheb Dr. B.R. Ambedkar Chair, Saurashtra University, Rajkot (Gujarat)

## ભારતીય બંધારણ : સંક્ષિપ્ત પરિચય

- બંધારણ ઘડવાનો સૌપ્રથમ વિચાર સર એમ.એન.રોય (માનવેન્દ્રનાથ રોય)ને આવ્યો હતો.
- બંધારણ ઘડવાની શરૂઆત (બંધારણ સભાની રચના) કેબિનેટ મિશન યોજના હેઠળ જુલાઈ–૧૯૪૬માં થઈ હતી.
- બંધારણ ઘડવાની શરૂઆત ૯, ડિસેમ્બર–૧૯૪૬માં થઈ.(આ દિવસે બંધારણ સભાની પ્રથમ બેઠક ડૉ.સચ્ચિદાનંદ સિંહાના પ્રમુખ પદે મળી હતી. તેઓ સભાના કામચલાઉ (અસ્થાયી અથવા કાર્યકારી પ્રમુખ હતા.)
- ભારતનું બંધારણ ૨૨ ભાગ (આર્ટિકલ્સ)માં વહેંચાયેલું છે.
- બંધારણમાં ૧૨ પરિશિષ્ટો (અનુસૂચિઓ) છે. (મૂળ બંધારણમાં ૮ અને પાછળથી ૪ જોડાયેલ છે.)
- મૂળ બંધારણમાં ૩૯૫ અનુચ્છેદો (કલમો) છે. (હાલના બંધારણમાં ૪૪૬ અનુચ્છેદો છે.)
- બંધારણ સભામાં કુલ ૩૮૯ સભ્યો હતા. (જેમાં ૨૯૬ સભ્યો બ્રિટીશ હિંદના અને ૯૩ સભ્યો દેશી રાજ્યોના હતા.)
- બંધારણ સભામાં અનુસૂચિત જાતિના ૩૦ સભ્યો હતા.
- બંધારણ સભામાં એંગ્લો–ઈન્ડિયનના પ્રતિનિધિ તરીકે ફ્રેન્ક એન્થની અને પારસીઓના પ્રતિનિધિ તરીકે એચ.પી.મોદી હતા.
- બંધારણ સભાના પ્રમુખ (ચૂંટાયેલ અધ્યક્ષ) ડૉ.રાજેન્દ્રપ્રસાદ હતા. (જે પાછળથી ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ બન્યા હતા.)
- બંધારણની ખરડા સમિતિ (મુસદ્દા સમિતિ અથવા ડ્રાફ્ટિંગ સમિતિ)ના અધ્યક્ષ (ચેરમેન) ડૉ.ભીમરાવ આંબેડકર હતા. (જે પાછળથી ભારતના પ્રથમ કાયદા મંત્રી બન્યા હતા.)
- બંધારણ સભાની બેઠકો ૧૬૬ દિવસ ચાલી.
- ભારતીય બંધારણનો સ્વીકાર ૨૬, નવેમ્બર–૧૯૪૯ના રોજ થયો. (આ દિવસે બંધારણ સભાએ બંધારણ પસાર કર્યું.)
- ડૉ.રાજેન્દ્રપ્રસાદ પ્રજાસત્તાક ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા ૨૪, જાન્યુઆરી–૧૯૫૦
- ભારતીય બંધારણનો અમલ ૨૬, જાન્યુઆરી–૧૯૫૦ (આ દિવસે ભારતને પ્રજાસત્તાક રાષ્ટ્ર તરીકે જાહેર કરાયું)
- બંધારણ ઘડવામાં (પૂરું કરવામાં) લાગેલો સમય ૨–વર્ષ–૧૧ માસ, ૧૮ દિવસ.
- ભારતનાં બંધારણીય વડા રાષ્ટ્રપતિ ગણાય છે.

## ભારતીય બંધારણ ખરડા/ડ્રાફ્ટીંગ સમિતિ

| | | | |
|---|---|---|---|
| ૧. | ડૉ.ભીમરાવ આંબેડકર | – | ચેરમેનશ્રી/અધ્યક્ષશ્રી |
| ૨. | એન.ગોપાલસ્વામી આયંગર | – | સભ્યશ્રી |
| ૩. | અલ્લાદી કૃષ્ણ સ્વામિ ઐયર | – | સભ્યશ્રી |
| ૪. | ટી.ટી.કૃષ્ણમાચારી | – | સભ્યશ્રી |
| ૫. | કનૈયાલાલ મુન્શી(ગુજરાતી સાહિત્યકાર) | – | સભ્યશ્રી |
| ૬. | સૈયદ મુહમ્મદ સાદુલ્લા | – | સભ્યશ્રી |
| ૭. | ટી. માધવરાય | – | સભ્યશ્રી |
| ૮. | સર બેનીગાલ નરસિંહરાવ | – | સલાહકારશ્રી |

## ભારતના બંધારણની વિશેષતાઓ

- ભારતનું બંધારણ લેખિત હોવાથી તેને 'દસ્તાવેજી બંધારણ' કહે છે.
- ભારતનું બંધારણ વિશ્વમાં સૌથી વિસ્તૃત અને લાંબુ છે.
- બંધારણનો પ્રારંભ આમુખથી થાય છે.
- પરિવર્તનશીલ બંધારણ છે.
- સંઘાત્મક શાસન પ્રણાલિ છે.
- બંધારણ ભારતને સાર્વભૌમ, લોકશાહી અને પ્રજાસત્તાક રાજ્ય તરીકે જાહેર કરે છે.
- પુખ્ત મતાધિકારનો સ્વીકાર થયેલો છે. ૧૮ વર્ષ કે તેથી ઉપરના દરેક વ્યક્તિને કોઈપણ ભેદભાવ (શિક્ષણ, જાતિ, ધર્મ, લિંગ કે આવકને ધ્યાને લીધા ) વિના મતાધિકાર આપેલ છે.
- સત્તાના દરેક સ્થાનો પર ચૂંટાયેલા પ્રતિનિધિઓ જ વહીવટ કરી શકે છે.
- ભારતનું સર્વોચ્ચ સ્થાન રાષ્ટ્રપતિનું છે. આ પદ માટે પણ ચૂંટણી થાય છે.
- દ્વિગૃહી ધારાસભા છે.
- એક જ નાગરિકતાની જોગવાઈ છે.
- સ્વતન્ત્ર ન્યાયપાલિકાની વ્યવસ્થા.
- ભારત બિનસાંપ્રદાયિક રાજ્ય છે. બિનસાંપ્રદાયિક રાજ્ય એટલે સર્વ ધર્મ પ્રત્યે સમભાવ રાખતું રાજ્ય.
- બંધારણમાં મૂળભૂત હકો (અધિકારો) અને ફરજો દર્શાવેલી છે.

## ભારતના બંધારણનું આમુખ

- બંધારણની શરૂઆત આમુખથી થાય છે.
- આમુખ જવાહરલાલ નહેરુએ લખ્યું હતું.
- આમુખ ઈ.સ.૧૯૭૩થી બંધારણનો ભાગ બન્યું.
- આમુખ બંધારણને સમજવાની ચાવી પૂરી પાડે છે.
- આમુખને કોર્ટમાં પડકારી શકાતું નથી.
- ઈ.સ.૧૯૭૬માં ૪૨ મો સુધારો થયો, જેમાં સમાજવાદી, ધર્મનિરપેક્ષ, (બિનસાંપ્રદાયિક), એકતા અને રાષ્ટ્રની અખંડિતતા જેવા શબ્દો આમુખમાં ઉમેરાયા.
- 'કેશવાનંદ ભારતી' કેસમાં હાઈકોર્ટે આમુખને બંધારણનો જ એક ભાગ ગણાવ્યો છે.
-

Babasaheb Dr. B.R. Ambedkar Chair, Saurashtra University, Rajkot (Gujarat)

Babasaheb Dr. B.R. Ambedkar Chair, Saurashtra University, Rajkot (Gujarat)

# ભારતના બંધારણની કલમો

| ભાગ | જોગવાઈ | કલમ |
|---|---|---|
| ભાગ–૧ | **સંઘ અને તેનું રાજ્યક્ષેત્ર** | કલમ ૧ થી ૪ |
| ભાગ–૨ | **નાગરિકતા** | કલમ ૫ થી ૧૧ |
| ભાગ–૩ | **મૂળભૂત હકો** | |
| | • સામાન્ય | કલમ ૧૨ થી ૧૩ |
| | • સામાનતાનો હક | કલમ ૧૪ થી ૧૮ |
| | • સ્વતન્ત્રતાનો હક | કલમ ૧૯ થી ૨૨ |
| | • શોષણ સામેનો હક | કલમ ૨૩ થી ૨૪ |
| | • ધર્મ સ્વાતન્ત્ર્યનો હક | કલમ ૨૫ થી ૨૮ |
| | • સાંસ્કારિક અને શૈક્ષણિક હકો | કલમ ૨૯ થી ૩૧ |
| | • અમુક કાયદા અંગે અપવાદ | કલમ ૩૧(ક) થી ૩૧(ઘ) |
| | • સંવિધાનમાંના ઉપાયનો હક | કલમ ૩૨ થી ૩૫ |
| ભાગ–૪ | **રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાન્તો** | કલમ ૩૬ થી ૫૧ |
| ભાગ–૪(ક) | **મૂળભૂત ફરજો** | કલમ ૫૧(ક) |
| ભાગ–૫ | **સંઘ** | |
| | • રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિ | કલમ ૫૨ થી ૭૩ |
| | • મંત્રીમંડળ | કલમ ૭૪ થી ૭૫ |
| | • ભારતના એટર્ની જનરલ | કલમ ૭૬ |
| | • સરકારી કામકાજનું સંચાલન | કલમ ૭૭ થી ૭૮ |
| | • સંસદ– સામાન્ય | કલમ ૭૯ થી ૮૮ |
| | • સંસદના અધિકારીઓ | કલમ ૮૯ થી ૯૮ |
| | • કામકાજનું સંચાલન | કલમ ૯૯ થી ૧૦૦ |
| | • સભ્યોની ગેરલાયકાતો | કલમ ૧૦૧ થી ૧૦૪ |
| | • સંસદ અને તેના સભ્યોના સત્તા,–વિશેષાધિકારો અને મુક્તિઓ | કલમ ૧૦૫ થી૧૦૬ |
| | • ધારકીય કાર્યરીતિ | કલમ ૧૦૭ થી ૧૧૧ |
| | • નાણાંકીય બાબતોમાં કાર્યરીતિ | કલમ ૧૧૨ થી ૧૧૭ |
| | • સામાન્ય કાર્ય રીતિ | કલમ ૧૧૮ થી ૧૨૨ |
| | • રાષ્ટ્રપતિની ધારાકીય સત્તા | કલમ ૧૨૩ |
| | • સંઘનું ન્યાયતંત્ર | કલમ ૧૨૪ થી ૧૪૭ |
| | • ભારતના નિયંત્રક–મહાલેખા પરીક્ષક | કલમ ૧૪૮ થી ૧૫૧ |
| ભાગ–૬ | **રાજ્યો** | |
| | • સામાન્ય | કલમ ૧૫૨ |
| | • રાજ્યપાલ | કલમ ૧૫૩ થી ૧૬૨ |
| | • મંત્રીમંડળ | કલમ ૧૬૩ થી ૧૬૪ |
| | • રાજ્યના એડવોકેટ જનરલ | કલમ ૧૬૫ |
| | • સરકારી કામકાજનું સંચાલન | કલમ ૧૬૬ થી૧૬૭ |

| | | |
|---|---|---|
| | • રાજ્યનું વિધાન મંડળ–સામાન્ય<br>• રાજ્ય વિધાન–મંડળના અધિકારીઓ<br>• કામકાજનું સંચાલન<br>• સભ્યોની ગેરલાયકાતો<br>• રાજ્ય વિધાન–મંડળો અને તેના સભ્યોના સત્તા, વિશેષાધિકારો અને મુક્તિ<br>• ધારાકીય કાર્યરીતિ<br>• નાણાકીય બાબતોમાં કાર્યરીતિ<br>• સામાન્ય કાર્યરીતિ<br>• રાજ્યપાલની ધારાકીય સત્તા<br>• રાજ્યનાં ઉચ્ચ ન્યાયાલયો<br>• તાબાના ન્યાયાલયો | કલમ ૧૬૮ થી ૧૭૭<br>કલમ ૧૭૮ થી ૧૮૭<br>કલમ ૧૮૮ થી ૧૮૯<br>કલમ ૧૯૦ થી ૧૯૩<br>કલમ ૧૯૪ થી ૧૯૫<br>કલમ ૧૯૬ થી ૨૦૧<br>કલમ ૨૦૨ થી ૨૦૭<br>કલમ ૨૦૮ થી ૨૧૨<br>કલમ ૨૧૩<br>કલમ ૨૧૪ થી ૨૩૨<br>કલમ ૨૩૪ થી ૨૩૭ |
| ભાગ–૭ | **પહેલી સૂચિના ભાગ 'ખ' ના રાજ્યો** | કલમ ૨૩૮ (રદ્દ કર્યો છે.) |
| ભાગ–૮ | **સંઘ રાજ્યક્ષેત્રો** | કલમ ૨૩૯ થી ૨૪૨ |
| ભાગ–૯ | **પંચાયતો** | કલમ ૨૪૩ થી ૨૪૩(૬) |
| ભાગ–૯(ક) | **નગરપાલિકાઓ** | કલમ ૨૪૩ (ધ)થી ૨૪૩ (વજ) |
| ભાગ–૧૦ | **અનુસૂચિત અને આદિજાતિ વિસ્તારો** | કલમ ૨૪૪ થી ૨૪૪(ક) |
| ભાગ–૧૧ | **સંઘ અને રાજ્યો વચ્ચેના સંબંધો**<br>• ધારકીય સંબંધો / ધારકીય સત્તાની વહેચણી<br>• વહીવટી સંબંધો /સામાન્ય<br>• પાણી સંબંધી તકરારો<br>• રાજ્યો વચ્ચે સંકલન | કલમ ૨૪૫ થી ૨૫૫<br>કલમ ૨૫૬ થી ૨૬૧<br>કલમ ૨૬૨<br>કલમ ૨૬૩ |
| ભાગ–૧૨ | **નાણાંકીય બાબતો, મિલ્કત, કરારો અને દાવાઓ**<br>• નાણાંકીય બાબતો– સામાન્ય<br>• સંઘ અને રાજ્યો વચ્ચે આવકની વહેંચણી<br>• પ્રકીર્ણ નાણાંકીય જોગવાઈઓ<br>• કરજે લેવા બાબત<br>• મિલ્કત, કરારો, હક, જવાબદારીઓ, ફરજો અને દાવા<br>• મિલ્કત છીનવવી | કલમ ૨૬૪ થી ૨૬૭<br>કલમ ૨૬૮ થી ૨૮૧<br>કલમ ૨૮૨ થી ૨૯૧<br>કલમ ૨૯૨ થી ૨૯૩<br>કલમ ૨૯૪ થી ૩૦૦<br>કલમ ૩૦૦(ક) |
| ભાગ–૧૩ | **ભારતના રાજ્યક્ષેત્રની અંદર વેપાર, વાણિજય અને આંતર– વ્યવહાર** | કલમ ૩૦૧ થી ૩૦૭ |
| ભાગ–૧૪ | **સંઘ અને રાજ્યો હેઠેની સેવાઓ**<br>• સેવાઓ<br>• લોકસેવા આયોગ | કલમ ૩૦૮ થી ૩૧૪<br>કલમ ૩૧૫ થી ૩૨૩ |
| ભાગ–૧૪(ક) | **ટ્રિબ્યુનલો** | કલમ ૩૨૩(ક)થી ૩૨૩(ખ) |
| ભાગ–૧૫ | **ચૂંટણીઓ** | કલમ ૩૨૪ થી ૩૨૯(ક) |
| ભાગ–૧૬ | **અમુક વર્ગો સંબંધી ખાસ જોગવાઈઓ** | કલમ ૩૩૦ થી ૩૪૨ |
| ભાગ–૧૭ | **રાજભાષા**<br>• સંઘની ભાષા<br>• પ્રાદેશિક ભાષાઓ | કલમ ૩૪૩ થી ૩૪૪<br>કલમ ૩૪૫ થી ૩૪૭ |

| | | |
|---|---|---|
| | • ઉચ્ચતમ ન્યાયાલય, ઉચ્ચ ન્યાયાલયો વગેરેની ભાષા<br>• ખાસ આદેશો | કલમ ૩૪૮ થી ૩૪૯<br>કલમ ૩૫૦ થી ૩૫૧ |
| **ભાગ–૧૮** | **કટોકટી અંગે જોગવાઈઓ** | કલમ ૩૫૨ થી ૩૬૦ |
| **ભાગ–૧૯** | **પ્રકીર્ણ** | કલમ ૩૬૧ થી ૩૬૭ |
| **ભાગ–૨૦** | **સંવિધાનમાં સુધારો કરવા બાબત** | કલમ ૩૬૮ |
| **ભાગ–૨૧** | **કામચલાઉ, વચ્ચગાળાની અને ખાસ જોગવાઈઓ** | કલમ ૩૬૯ થી ૩૯૨ |
| **ભાગ–૨૨** | **ટૂંકી સંજ્ઞા, આરંભ, હિન્દીમાં અધિકૃત પાઠ અને રદ કરવા બાબત.** | કલમ ૩૯૩ થી ૩૯૫ |

## અનુસૂચિઓ / પરિશિષ્ટો

| | | |
|---|---|---|
| **પહેલી અનુસૂચિ** | ૧. રાજ્યો<br>૨. સંઘ રાજ્યક્ષેત્રો | |
| **બીજી અનુસૂચિ** | ભાગ–ક | રાષ્ટ્રપતિ અને રાજ્યોના રાજ્યપાલો અંગે જોગવાઈઓ. |
| | ભાગ–ખ | (રદ કર્યો છે.) |
| | ભાગ–ગ | લોકસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ તથા રાજ્યસભાના સભાપતિ અને ઉપસભાપતિ અને રાજ્યની વિધાનસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ તથા રાજ્યની વિધાન પરિષદના સભાપતિ અને ઉપસભાપતિ અંગે જોગવાઈ |
| | ભાગ–ઘ | ઉચ્ચતમ ન્યાયાલય અને ઉચ્ચ ન્યાયાલયોના ન્યાયાધીશો અંગે જોગવાઈ. |
| | ભાગ–ચ | ભારતના નિયંત્રક–મહાલેખા પરીક્ષક અંગે જોગવાઈઓ |
| **ત્રીજી અનુસૂચિ** | શપથો અથવા પ્રતિજ્ઞાઓના નમૂના | |
| **ચોથી અનુસૂચિ** | રાજ્ય સભામાંની બેઠકોની ફાળવણી | |
| **પાંચમી અનુસૂચિ** | અનુસૂચિત વિસ્તારો અને અનુસૂચિત આદિજાતિઓના વહીવટ અને નિયંત્રણ વિષે જોગવાઈઓ. | |
| | ભાગ–ક | સામાન્ય |
| | ભાગ–ખ | અનુસૂચિત વિસ્તારો અને અનુસૂચિત આદિજાતિઓના વહીવટ અને નિયંત્રણ |
| | ભાગ–ગ | અનુસૂચિત વિસ્તારો |
| | ભાગ–ઘ | અનુસૂચિમાં સુધારો કરવા બાબત. |
| **છઠ્ઠી અનુસૂચિ** | આમાસ, મેઘાલય, ત્રિપુરા અને મિઝોરમ રાજ્યના આદિજાતિ વિસ્તારોના વહીવટ વિષે જોગવાઈઓ. | |
| **સાતમી અનુસૂચિ** | યાદી–૧ | સંઘ યાદી |
| | યાદી–૨ | રાજ્ય યાદી |
| | યાદી–૩ | સમવર્તી યાદી |
| **આઠમી અનુસૂચિ** | ભાષાઓ | |
| **નવમી અનુસૂચિ** | અમુક અધિનિયમો અને વિનિયમનોની કાયદેસરતા. | |
| **દશમી અનુસૂચિ** | પક્ષપલટાના કારણે ગેરલાયકાત અંગેની જોગવાઈઓ | |
| **અગિયારમી અનુસૂચિ** | પંચાયતોની શક્તિ, અધિકાર અને ઉત્તરદાયિત્વ | |
| **બારમી અનુસૂચિ** | નગરપાલિકાઓ વગેરેની શક્તિ, અધિકાર અને ઉત્તરદાયિત્વ | |

Babasaheb Dr. B.R. Ambedkar Chair, Saurashtra University, Rajkot (Gujarat)

Babasaheb Dr. B.R. Ambedkar Chair, Saurashtra University, Rajkot (Gujarat)

# ભારતનું સંવિધાન

## આમુખ

અમે ભારતના લોકો ભારતને એક સાર્વભૌમ સમાજવાદી બિનસાંપ્રદાયિક લોકતંત્રાત્મક પ્રજાસત્તાક તરીકે સંસ્થાપિત કરવાનો

તથા તેના સર્વ નાગરિકોને :

સામાજિક, આર્થિક અને રાજકીય ..........................ન્યાય

વિચાર, અભિવ્યક્તિ, માન્યતા,

ધર્મ અને ઉપાસનાની .................................. સ્વતંત્રતા

દરજ્જા અને તકની ..................................... સમાનતા

પ્રાપ્ત થાય તેમ કરવાનો,

અને તેઓ સર્વમાં

વ્યક્તિનું ગૌરવ અને રાષ્ટ્રની

એકતા અને અખંડતા સુદઢ કરે એવી ....................બંધુતા

વિકસાવવાનો

ગંભીરતાપૂર્વક સંકલ્પ કરીને

અમારી સંવિધાન સભામાં ૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ આથી આ સંવિધાન અપનાવી, તેને અધિનિયમિત કરી અમને પોતાને અર્પિત કરીએ છીએ.